SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

# પરિપત્ર

**વિષય : બી.એડ્. અભ્યાસક્રમના પ્રવેશ માટે તા. ૦૯/૦૭/૨૦૨૪ બાદ આગળનો રાઉન્ડ.**

**સંદર્ભ :** **૧)** યુનિવર્સિટી પરીપત્ર નં. ડી/ઇ/૧૦/૧૭૨૫ તારીખઃ ૨૯/૦૬/૨૦૨૪.
**૨)** યુનિવર્સિટી પરીપત્ર નં. ડી/ઇ/૧૦/૧૮૮૫ તારીખઃ ૦૪/૦૭/૨૦૨૪. (ડી-સેન્ટ્રલાઇઝડ રાઉન્ડ)

આથી સર્વે સંબંધકર્તા વિદ્યાર્થીઓ, બી.એડ્. કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હવે પછી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૧/૦૭/૨૦૨૪ થી ૧૫/૦૭/૨૦૨૪ | ૧. જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ફોર્મ ભરેલ છે તેવા જ વિદ્યાર્થીઓ આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.<br>૨. વિદ્યાર્થીઓએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તેની ખાલી સીટોની માહિતી મેળવવા કોલેજનો રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવાનો રહેશે.<br>૩. કોલેજ ખાતે રૂબરૂ સંપર્કમાં વિદ્યાર્થીએ GCAS પોર્ટલમાં ભરેલ ફોર્મની પ્રિન્ટ, તમામ દસ્તાવેજોની એક સ્વપ્રમાણિત નકલ તથા તમામ અસલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.<br>૪. કોલેજે વિદ્યાર્થીઓના તમામ દસ્તાવેજોની તથા Eligibility ની ચકાસણી કરવાની રહેશે.<br>૫. ચકાસણી બાદ વિદ્યાર્થી પ્રવેશ મેળવવા પાત્ર હોય તો કોલેજે અગાઉના રાઉન્ડ મુજબ જે વિષયમાં સીટ ખાલી હોય તે જ વિષયમાં વિષયવાર સીટમેટ્રીક્સ મુજબ જ મેરીટ પ્રમાણે પ્રવેશ ફાળવવાનો રહેશે.<br>૬. પ્રવેશ ફાળવ્યા બાદ કોલેજે GCAS પોર્ટલ પર વિદ્યાર્થીઓનું એડમીશન લોક કરવાનું રહેશે. |
| | ૭. ઉપરોક્ત સમગ્ર પ્રક્રિયા GCAS ના જે તે સમયના નિર્ણયને આધિન ફેરફારને પાત્ર રહેશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી/NCTE, New Delhi દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.
૨. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઇપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઇ/૧૦/૨૧૦૮
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૧/૦૭/૨૦૨૪

કુલસચિવ

નકલ રવાનાઃ
૧. આચાર્યશ્રી, તમામ બી.એડ્. કોલેજો તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.
૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપર મુજબની કાર્યવાહી સારૂ.